જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૩/૨૦૧૪ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૭૧૦/૧૪**

**ક્રાઇમ બ્રાન્ચ.:-**

**(૧)**

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એસ.આર.ટંડેલનાઓના સ્ક્વોડના પો.સ.ઈ. શ્રી એસ.એન. કુર્મી તથા સ્કોડના માણસોને બાતમી હકીકત ને આધારે નીચે મુજબના નાસતા ફરતા આરોપીઓ અટક કરેલ છે.

૧. વટવા પો.સ્ટે.ફસ્ટ ગુના રજીસ્ટર નંબર ૫૦૯/૧૩ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬ વિગેરે મુજબના ગુન્હાના કામે આશરે પાંચ માસથી નાસતો ફરતો આરોપી **અજય દિનાનાથ જાતે કેવટ ઉ.વ.૨૪ રહે. એસ/૯ ક્રુષ્ણકુંજ ટેનામેન્ટ પી.ડી.પંડ્યા કોલેજ રોડ ઘોડાસર અમદાવાદને** તા.૧૧/૩/૨૦૧૪ ના ક.૧૩/૦૦ વાગે જમાલપુરબ્રીજ પાસેથી અટક કરી આગળની કાર્યવાહી સારૂ આરોપીને વટવા પો.સ્ટે. તરફ સોંપેલ છે.

૨. નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.- ૬૬૯/૧૩ ઇપીકો કલમ ૩૯૨, ૪૫૨, ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એક્ટ ક.૧૩૫(૧) વિગેરે મુજબના ગુન્હામાં છેલ્લા છ માસથી નાસતો ફરતો આરોપી **વિક્રમસિંગ ઉર્ફે વિકી કમલસિંગ રાજપુત, ઉ.વ..૨૨, રહે. ઘ.નં.-સી/૫, ઇન્દ્રપ્રકાશ સોસાયટી, ડાયમંડ મીલની પાછળ, નિકોલ રોડ, અ'વાદ** ને તા.૧૧/૩/૨૦૧૪ ના ક.૨૧/૩૦ વાગે અ'વાદ, ઠક્કરબાપાનગર ચાર રસ્તા ખાતેથી અટક કરી આગળની કાર્યવાહી સારૂ નરોડા પો.સ્ટે. તરફ સોંપવા તજવીજ કરવામા આવેલ છે.

**(૨)**

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ શહેર નાઓની સુચના આધારે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર. ટંડેલ નાઓની ટીમના પો.સબ ઈન્સ. પી.બી. દેસાઈ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન સ્ટાફના પો.કો. જયદેવસિંહ ઇશ્વરસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે પંચો સાથે અમદાવાદ ગોતા ઓવરબ્રીજ ના

છેડેથી આરોપી ઘનશ્યામભાઈ ઉર્ફે બાદશાહ સ/ઓ ખોડીદાસ રાણા ઉ.વ.-૩૭, રહે. સોનીવાડ, નાની ગોલવાડ પાસે, ધોળકા, તા.ધોળકા, જિ.અમદાવાદનો પોતાના કબ્જાની I-20 કાર નં.- GJ-1-KN-290 માં વગર પાસ પરમીટે ગેરકાયદેસરનો વિદેશી દારૂની બોટલો નંગ-૭૫૬ તથા બિયર ના ટીન નંગ-૧૨૦ મળી કુલ્લે કુલ કિ.રૂ.૧,૯૫,૬૦૦/- ની મત્તાનો દારૂ તેમજ કાર તથા એક મોબાઈલ ફોન તથા રોકડ રૂપિયા મળી **કુલ્લે કિ.રૂ.૬,૯૭,૪૩૦/-** ની મત્તા સાથે તા.૧૧/૦૩/૨૦૧૪ ના ક.૨૩/૦૦ વાગે ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે સદર દારૂનો જથ્થો પોતે મહેસાણાવાળા વિરસિંગ ઠાકોર તથા તેના માણસ રાજુ પાસેથી વેચાણ-ખરીદીને લાવેલ છે. આ અંગે ક્રાઈમ બ્રાન્ચ ના પો.સ.ઈ. શ્રી એસ.એન.કુર્મી નાઓએ આગળની તપાસ હાથ ધરેલ છે.

**(3)**

અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી શીવાનંદ ઝાં તથા ક્રાઇમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશનર શ્રી એ.કે.શર્મા, નાયબ પોલીસ કમિશનર શ્રી હિમાંશુ શુકલ, મદદનીશ પોલીસ કમિશનર શ્રી એમ.ડી.ચૌધરી તથા પોલીસ ઇન્સ શ્રી આર.બી.રાણા નાઓની સુચનાથી આગામી ચુટણી સબંધે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તથા અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સબંધી ગુન્હા બનતા અટકાવવા તથા આવા ગુન્હાના આરોપીઓ શોધી ગુન્હાઓ ડીટેકટ કરવા આપેલ સુચના અનવ્યે આજરોજ ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ના પોલીસ સબ ઇન્સ. શ્રી વી.એચ.જાડેજા તથા હેડ કોન્સ ભગવાન ભાઇ મસાભાઇ બ.નં.૯૦૮૪, હેડ.કોન્સ કિરીટસિહ હરીસિહ બ.નં.૯૨૧૨, પો.કો.ચંદ્રકાંત જયંતીલાલ બ.નં.૬૦૯ તથા સ્ટાફના બીજા માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન હેડ કોન્સ ભગવાનભાઇ મસાભાઇ બ.નં.૯૦૮૪, તથા હેડ.કોન્સ કિરીટસિહ હરીસિહ બ.નં.૯૨૧૨ નાઓને મળેલ બાતમી આધારે શાહ્પુર માસ્ટર પેટ્રોલપંપ કંચન પેલેસ પાસે અમદાવાદ ખાતેથી દશરથભાઇ હરીભાઇ પરમાર (ડાભી) ઉ.વ.૩૫ રહે, ૧૪/૩, જવનિકા પાર્ક, વિભાગ-૨, ગણેશ સોસાયટી પાસે, શાહપુર દરવાજા બહાર અમદાવાદને અટકાવેલ. સદરહુ ઇસમ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.૪૧/૧૪ ઇ.પી.કો.કલમ ૩૭૯, ૫૧૧ ના ગુન્હાનો વોન્ટેડ આરોપી છે જેથી તેના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

સદરહુ ઇસમ આજથી બે માસ પહેલાં શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં B.S.N.L. કંપનીના ટેલીફોન કેબલ ચોરીના ગુન્હામાં પકડાયેલ છે. સદરહુ આરોપી પોતાના સાથીદારો સાથે છેલ્લા એકાદ વર્ષ દરમ્યાન B.S.N.L. કંપનીના કર્મચારીઓના મેળાપીપણાંથી નારણપુરા, ઘાટલોડીયા તથા બીજા વિસ્તારોમાંથી પાંચેક વખત B.S.N.L. કંપનીના ટેલીફોન કેબલ ચોરી કરેલ હોવાનુ જણાવેલ છે.

ડી.સી.બી. પો. સ્ટેશન સ્ટે.ડા.એન્ટી. નં.૧૦/૧૪ તા.૧૧/૦/૨૦૧૪ સી.આર.પી.સી. કલમઃ-૪૧(૧) ડી મુજબનાં કામનાં આરોપી દ્રારકેશ ઉર્ફે કાલુ S/O અરવિંદભાઇ લાલજી જાતે મારવાડી ઉ.વ.૧૯ રહે, ઉટવાળી ચાલી ગીતા મંદીર રોડ બહેરામપુરા અમદાવાદ શહેર નાઓને તા.૧૧/૦૩/૨૦૧૪ નાં કલાક ૧૬/૧૫ વાગે પકડી અટક કરી, જેની પાસેથી એક હીરો હોન્ડા સ્પ્લેન્ડર નં.GJ-1-AS-949 જેનો ચેસીસનં.97L19F09320 તથા એન્જીન નં.97L17E09509 જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ની ગણી તપાસ અર્થે કબજે કરી દાણીલીમડા પોલીસ સ્ટેશનનાં I ગુ.ર.નં.૫૦/૨૦૧૪ ઇ.પી.કો. કલમઃ-૩૭૯ મુજબ ગુન્હો ડીટેક કરવામા આવેલ છે.

**વટવા પો.સ્ટે.:-**

(૧) વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૫૦૯/૨૦૧૪ ઇ.પી.કો.કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના કામના આરોપી અજયકુમાર સ/ઓ દિનાનાથ બીજલી પ્રસાદ કેવટ ઉંવ-૨૪ રહે-એસ/૯ કૃષ્ણ કુંજ ટેનામેન્ટમેઘદૃત સ્કુલ રોડ ઘોડાસર વટવા_મુળ વતન ગામઃ સિંગાર પટ્ટી મઠીયા પો.સ્ટ.થાના તા-હુસેનગંજ જી-શીવાન બિહાર નાને તથા સાહેદ છોકરી નાઓને અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચના પો.સ.ઇ શ્રી એસ.એન.,કુર્મી નાઓએ હે.કો.હીતેન્દ્રસિંહ ખોડુભા બ.નં ૮૦૯૨ નાઓને મળેલ બાતમી આધારે સ્કોડના માણસો સાથે જમાલપુર ચાર રસ્તા ખાતેથી પકડી આરોપીને C.R.P.C. 41(1) આઇ મુજબ તાઃ ૧૧.૩.૨૦૧૪ ના ક.૧૩.૦૦ વાગે અટક કરી અત્રે સોંપતા અત્રેના પો.સ્ટે.ના સેક્ન્ડ પો.ઇન્સ. શ્રી ડી.બી.પરમાર નાઓએ ઉપરોક્ત ગુનાના કામે તા ૧૧/૩/૧૪ ના ક.૧૬/૫૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૨) આરોપી દલાભાઇ માલુભાઇ સંઘાડા ઉ.વ ૪૭ રહે અંબીકાબ્રીજના છાપરા ચાર માળીયા સામે વટવા અમદાવાદ શહેર નાનો વટવા પોલીસ સ્ટેશનમાં ઇગ્લીશ દારૂના કેસમાં પકડાયેલ જેમાં સદરી આરોપીને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પી.સી.બી./ડી.ટી.એન./પાસા/૨૦૦/૧૪તા.૦૭/૦૩/૧૪ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૧૧.૦૩.૨૦૧૪ ના રોજ હુકમની બજવણી કરી સુરત જીલ્લા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે

(૩) આરોપી દેવેન્દ્રભાઇ સુરેશભાઇ બારોટ ઉ.વ ૨૬ રહે બ્લોક નં ૨૯/૯૧૮ ઔડાના ગરીબ આવાસ યોજનાના મકાનમાં અમદાવાદ શહેર નાનો વટવા પોલીસ સ્ટેશનમાં ઇગ્લીશ દારૂના કેસમાં પકડાયેલ જેમાં સદરી આરોપીને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પી.સી.બી./ડી.ટી.એન./પાસા/૨૦૪/૧૪ તા.૧૦/૦૩/૧૪ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૧૧.૦૩.૨૦૧૪ ના રોજ હુકમની બજવણી કરી ભુજ જીલ્લા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.